## સંસ્થા પરિચય

રાજ-રત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર એક ગ્રાન્ટ-ઇન-એઇડ મહાવિદ્યાલય છે જે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ સાથે સંલગ્ન છે. ઉચ્ચ શિક્ષણ આપતી આ સંસ્થાની શરૂઆત સન્ ૧૯૬૬માં થઈ હતી અને આ સંસ્થા વિનયન (બી.એ.) તથા વાણિજ્ય (બી.કોમ.- એકાઉન્ટીંગ અને કમ્પ્યુટર સાયન્સ, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) વિદ્યાશાખાના વિષયો ઉપલબ્ધ કરાવે છે. આ સંસ્થા જ્યુબિલી, બોખીરા, પોરબંદર, ગુજરાતમાં આવેલ છે. આ સંસ્થા દૂરના તથા ગ્રામ્ય વિસ્તારોની વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપે છે.

સંસ્થાનું લક્ષ્ય શૈક્ષણિક – પાઠ્યક્રમ સંબંધિત શિક્ષણમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવાનું છે તથા સપ્તધારા પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીનીઓના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ કરવાનું છે. સંસ્થાના કેન્દ્રમાં મૂલ્યવર્ધક અભ્યાસ તથા પ્રશિક્ષણ છે. ગુરુકુળ મહાવિદ્યાલય રાષ્ટ્રીય એકતામાં વિશ્વાસ રાખે છે અને અહીં એક મુક્ત પ્રવેશનીતિ અન્વયે કોઈ પણ વર્ગ, જાતિ, પ્રદેશ, ધર્મના કે સંપ્રદાયના ભેદભાવ વિના પ્રવેશ અપવામાં આવે છે. અત્યારે મહાવિદ્યાલયમાં આશરે ૬૦૬ વિદ્યાર્થીનીઓ છે કે જે સમાજના દરેક વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે.

મહાવિદ્યાલયમાં ૧૦ પૂર્ણ-સમયના અધ્યાપકો અને ૧૯ મુલાકાતી અધ્યાપકો છે જે અલગ-અલગ વિદ્યાશાખાઓમાં માર્ગદર્શન આપે છે. મહાવિદ્યાલયનું પરિણામ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ૭૫% થી ૧૦૦% હોય છે. વહીવટી કર્મચારીઓમાં ૧૦ વ્યક્તિ છે જે પોતાની ફરજ નિભાવવાની સાથે સાથે કોલેજની દેખરેખ રાખે છે.

રાજ-રત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ
મહેતા આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત

# ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

પોરબંદર(ગુજરાત)



### આંતરરાષ્ટ્રીય પરિસંવાદ

જીવન અને જીવન પછી મહાત્મા ગાંધી
: મૂલ્ય-પ્રણાલી અને સત્ય
(૩૦ જાન્યુઆરી, ૨૦૨૦)

### અધ્યક્ષશ્રી

પ્રિન્સીપાલ ડૉ. અનુપમ આર. નાગર

### આયોજક સમિતિ

ડૉ. નયન ટાંક મો.: 9426982392
ડૉ. શાંતિ મોઢવાડિયા મો.: 9427387859
ડૉ. ઉષા મકવાણા મો.: 9726622570

નોંધણી પત્રક


# ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

પોરબંદર(ગુજરાત)


ફોન નં. ૦૨૮૬-૨૨૪૫૫૬૧


### આંતરરાષ્ટ્રીય પરિસંવાદ

જીવન અને જીવન પછી મહાત્મા ગાંધી
: મૂલ્ય-પ્રણાલી અને સત્ય
(૩૦ જાન્યુઆરી, ૨૦૨૦)


નામ: ______________________________
હોદ્દો: ______________________________
સંસ્થાનું સરનામું: ______________________________
______________________________
શહેર: ____________ જિલ્લો: ____________
રાજય: ____________ ભાષા: ____________
ઈમેઈલ આઈ.ડી. : ______________________________
શોધપત્રનું શીર્ષક:
______________________________

ફી અંગેની વિગત :

| | નોંધણી શુલ્ક | તત્કાલ શુલ્ક |
|---|---|---|
| વિદ્યાર્થી (UG) | ૩૦૦/- | ૪૦૦/- |
| વિદ્યાર્થી(PG - B.Ed, M.Ed, M.A, M.Phil, Ph.D) | ૫૦૦/- | ૭૦૦/- |
| શિક્ષક | ૮૦૦/- | ૧૦૦૦/- |
| અધ્યાપક | ૧૦૦૦/- | ૧૫૦૦/- |
| અન્ય | ૧૫૦૦/- | ૨૦૦૦/- |

માધ્યમ: રોકડ ☐ ચેક ☐ ડ્રાફ્ટ ☐ નેટ બેન્કિંગ ☐
બેંકનું નામ: ____________ રેફ.નં.: ____________

ખાસ નોંધ: રહેવાની વ્યવસ્થા સહભાગીએ સ્વયં કરવાની રહેશે.

## આંતરરાષ્ટ્રીય પરિસંવાદ વિશે...

આજે સમગ્ર વિશ્વ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યું છે તેના ભાગ રૂપે રાજ-રત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કલિદાસ મહેતા આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા કોલેજ, પોરબંદર જે ગાંધી વિચારધારા સાથે છેલ્લાં છ દાયકાથી પણ વધુ સમયથી જોડાયેલ છે ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ખરા અર્થમાં શૈક્ષણિક શ્રદ્ધાંજલિ આપવાના હેતુસર 'જીવન અને જીવન પછી મહાત્મા ગાંધી : મૂલ્ય, પ્રણાલી અને સત્ય' એ વિષય અંતર્ગત તા-૩૦/૦૧/૨૦૨૦ ના રોજ એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવા જઈ રહી છે.

આજે જયારે સમગ્ર વિશ્વને સત્ય અને અહિંસાના મૂલ્યો પ્રત્યે ખરેખર પ્રતિબદ્ધ થવાની જરૂર ઉભી થઈ છે ત્યારે મહાત્મા ગાંધીના વિચારોનું મૂલ્ય માનવ ઈતિહાસમાં અપ્રતિમ છે. હકીકતમાં આ પરિસંવાદનો હેતુ તેમના જીવન અને જીવન પછી... એમ બંનેની ચર્ચા કરવાનો છે અને મહાત્મા ગાંધીજી દ્વારા કુદરતી રીતે રજૂ થયેલ બહુઆયામી, બહુભાષીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, દાર્શનિક અને સાહિત્યિક વિચાર વિમર્શ કરવાનો છે. આ પરિસંવાદ એવા પ્રશ્નો સાથે સંકળાયેલો છે જે મહાત્મા ગાંધીજીની શહાદતને ફરી પાછી આપણી વચ્ચે જીવંત કરશે.

**નીચેના મુદ્દાઓ પર સંશોધનપત્ર આમંત્રિત કરવામાં આવે છે.**

પરિસંવાદના પેટા વિષયો:

૧) ગાંધી વિચાર
૨) ગાંધીજી અને મૂલ્યપ્રણાલી
૩) ગાંધીજી અને આરોગ્ય
૪) ડીકોડીંગ ધ ગાંધીયન કોડ
૫) ગાંધીજી અને સમાજ
૬) ગાંધીજી અને સાહિત્ય
૭) ગાંધીજી અને અર્થશાસ્ત્ર
૮) ગાંધીજી અને વાણિજ્ય
૯) ગાંધીજી અને મનોવિજ્ઞાન
૧૦) ગાંધીજી અને શિક્ષણ
૧૧) ગાંધીજી અને માહિતી-ટેકનોલોજી

<u>વિશેષ નોંધ</u> : પરિસંવાદની ઉદ્ઘાટન બેઠક દરમ્યાન સોવિનીયરનું પ્રકાશન કરવામાં આવશે.

<u>કૃપયા મહત્વપૂર્ણ બાબતો પર ધ્યાન આપશો :</u>

- સારાંશ ૨૫૦ શબ્દોમાં હોવો જોઈએ.
- ફોન્ટ અને સાઈઝ:
  - ઈંગ્લીશ : ટાઈમ્સ ન્યુ રોમન (૧૨)
  - હિન્દી : મંગલ (૧૪)
  - ગુજરાતી : શ્રુતિ (૧૪)
- એબ્સ્ટ્રેક્ટ જમા કરાવવાની અંતિમ તારીખ ૧૦/૧૦/૨૦૧૯
- રજીસ્ટ્રેશન કરાવવાની અંતિમ તારીખ ૨૦/૧૦/૨૦૧૯
- પેપર જમા કરાવવાની અંતિમ તારીખ ૩૦/૧૧/૨૦૧૯
- એબ્સ્ટ્રેક્ટ ઈમેઈલ દ્વારા મોકલવાની રહેશે.

ઈમેઈલ:
isonmahatmagandhi30012020@gmail.com

સંશોધકે પોતાની રજીસ્ટ્રેશન ફી ડી.ડી. તથા ઇન્ટરસિટી ચેક દ્વારા 'પ્રિન્સીપાલ, ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર.' પેયેબલ એટ પોરબંદર ગુજરાતના નામથી મોકલવાની રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી જમા કરાવવા માટે 'પ્રિન્સીપાલ, ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર.' દેના બેંક ખાતા નંબર 004410000086, IFSC Code-BKDN0310044 એન. મોદી રોડ, પોરબંદર શાખાનો ઉપયોગ કરવો. જે સંશોધકે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેમણે આ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે ફી જમા કરાવ્યાની રસીદ અનિવાર્યપણે જોડવાની રહેશે. અન્યથા રજીસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે નહિ અને તેનો તત્કાલ (સ્પોટ) રજીસ્ટ્રેશનમાં સમાવેશ થશે.

## આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત અન્ય સંસ્થાઓ:

૧) આર્ય કન્યા વિદ્યાલય : પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

૨) સંતોકબા વિદ્યામંદિર : પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ગુજરાતી માધ્યમ)

૩) સંતોકબા વિદ્યામંદિર : પ્રાથમિક અને માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ)

## ટ્રસ્ટ સાથે સંબંધિત અન્ય સ્થળો :

૧) ભારત મંદિર
૨) તારા મંદિર
૩) શાંતિ કુટીર
૪) સવિતાદીદી મેમોરિયલ